# ગુજરાત સાહિત્ય અકાદમી

**(ગુજરાત, હિન્દી, સંસ્કૃત,સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી)**
**(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)**
**ઝવેરચંદ મેઘાણી ભવન,કૃષિ ભવનની પાછળ,**
**સેક્ટર– ૧૦–એ,ગાંધીનગર– ૩૮૨૦૧૦**
**ફોન નં. : ૦૭૯ – ૨૩૨ ૫૬૭૯૭/૯૮**

# GUJARAT SAHITYA ACADEMY

**(Gujarat, Hindi, Sanskrit, Sindhi, Urdu and KutchiSahitya Academy)**
**(Sports Youth and Cultural Activities Department)**
**JhaverchandMeghaniBhavan, B/h. KrishiBhavan,**
**Sector-10-A, Gandhinagar- 382010**
**Phone- 079-23256797/98**

**gsagandhinagar@gmail.com |www.sahityaacademy.gujarat.gov.in | www.gujaratsahityaacademy.com**

## પ્રશિષ્ટ કૃતિઓના અનુવાદ માટે આર્થિક સહાય આપવાની યોજના અન્વયેના નિયમો અને શરતો

(૧) આ યોજના પ્રશિષ્ટ કૃતિઓના અનુવાદ માટે આર્થિક સહાય આપવાની યોજના તરીકેઓળખાશે.

(૨) આ યોજનામાં અન્ય ભારતીય ભાષાની અને વિશ્વની ભાષાની પ્રશિષ્ટ કૃતિઓનાં ગુજરાતીમાંતથા ગુજરાતીભાષાની ઉત્તમ કૃતિના અન્ય ભાષામાં અનુવાદનો સમાવેશ થશે. આ પ્રશિષ્ટ કૃતિમાં નવલકથા, નાટક, વાર્તા, કાવ્ય, એકાંકી, ચરિત્રો, નિબંધ, તેમજ અન્ય સંશોધન ગ્રંથોનો સમાવેશ થશે.

(૩) આ યોજનાનો હેતુ ભિન્ન–ભિન્ન ભાષાભાષી પ્રદેશો વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન વધે અને ભાષાસાહિત્યના વિકાસનું ઉચિત માધ્યમ અનુવાદની પ્રવૃત્તિ બને તે છે.

(૪) આ યોજના હેઠળ અન્ય ભારતીય ભાષામાંથી ગુજરાતી ભાષામાં તથા ગુજરાતી ભાષાની ઉત્તમ કૃતિને અન્ય ભાષામાંથી કોઈપણ એક કે વધુ ભાષામાં નવલકથા, નાટક, વાર્તા, કાવ્ય, એકાંકી, ચરિત્રો, નિબંધ, વિવેચન,સંશોધન વગેરે લલિત સાહિત્યની સુપ્રતિષ્ઠિત અને શિષ્ટકૃતિઓના અનુવાદ પ્રગટ કરવા માટે વ્યક્તિને અથવા અનુવાદની જવાબદારી સંભાળતી માન્ય સાહિત્ય સંશોધનની શિક્ષણની સંસ્થાઓને આર્થિક સહાય આપી શકાશે.

(૫) વ્યક્તિ અથવા સંસ્થા જે કૃતિઓનો અનુવાદ તૈયાર કરવા માંગતી હોય તે અંગે મૂળ લેખકની સંસ્થાની મંજૂરી સંબંધિત વ્યક્તિ/સંસ્થાએ મેળવી લેવાની રહેશે અને પોતાની દરખાસ્ત સાથે સદરહુ મંજૂરીનો પત્ર બીડવાનો રહેશે. મૂળ લેખક/પ્રકાશનને ચૂકવવાપાત્ર રૉયલ્ટીની જવાબદારી સંબંધિત વ્યક્તિ/સંસ્થાની રહેશે.

(૬) અનુવાદ પ્રગટ કરવા માંગતી વ્યક્તિ/સંસ્થાઓ પોતાની અનુવાદિત કૃતિની બે (૨) સુવાચ્ય હસ્તપ્રત ખર્ચની વિગતો સાથે અકાદમીને નિશ્ચિત તારીખ સુધીમાં મળે એ રીતે મોકલી આપવાની રહેશે. સાથે જે કૃતિનું અનુવાદ કરેલ હોય તે મૂળ પુસ્તક/કૃતિની નકલ પણ મોકલવાની રહેશે.

(૭) પ્રકાશન માટે મંજૂર થયેલ પુસ્તકની ૩૦૦ નકલ છાપવાની રહેશે. પુસ્તક પ્રકાશન માટેથયેલ ખરેખર ખર્ચ માટે પુસ્તકની પહેલી કવિતા/વાર્તાથી પેજ નં. ૧ થી ૧૧૨ પૃષ્ઠ સુધી ૧૦,૦૦૦/– અને ૧૧૨થી વધારે પૃષ્ઠ માટે ૧૫,૦૦૦/– આર્થિક સહાય તરીકે આપી શકાશે. અકાદમીએ નિયત કર્યા મુજબ પ્રકાશન ખર્ચ માટે ફર્મા દીઠ ક્રાઉન સાઈઝ કાચું પૂઠું રૂ. ૨૦૦૦/– પાકું પૂઠું રૂ. ૨૧૦૦/– અને ડબલ ક્રાઉન સાઈઝકાચું પૂઠું રૂ. ૨૫૦૦/– પાકું પૂઠું રૂ. ૨૭૦૦/– તેમજ ડેમી સાઈઝ માટે કાચું પૂઠું રૂ. ૨૨૦૦/– પાકા પૂઠાં માટે રૂ. ૨૩૦૦/– નક્કી કરેલ છે. આમાંથી જે રકમ ઓછી હશે તે રકમ આર્થિક સહાય તરીકે આપી શકાશે. આમાં તમામ પ્રકારનાં ખર્ચનો સમાવેશ કરેલ છે.

(૮) પ્રગટ થયેલ પુસ્તકોની ૧૫ નકલો લેખકે ગુજરાત સાહિત્ય અકાદમીની કચેરીને વિના મૂલ્યે આપવાની રહેશે.

(૯) આર્થિક સહાય મંજૂર થયા બાદ લેખકે પોતાને ખર્ચે પુસ્તક પ્રગટ કરવાનું રહેશે. તે માટે છાપકામનાં ઓરિજનલ બિલ, વાઉચર, અકાદમીનો મંજૂરી લેટર વગેરે રજૂ કર્યા બાદ ચકાસણી કરીને સહાય મંજૂર કરવામાં આવશે.

(૧૦) પ્રકાશિત પુસ્તકની મુખપૃષ્ઠની પાછળની બાજુએ તેમજ પ્રસ્તાવનામાં સ્પષ્ટ રીતે "ગુજરાતસાહિત્યઅકાદમી, ગાંધીનગર, ગુજરાત રાજ્યની આર્થિક સહાયથીપ્રકાશિત" એવીઋણ સ્વીકારનીપંક્તિઅકાદમીના લૉગો સાથે છાપવાનીરહેશે.તેમજ પ્રકાશિત પુસ્તકનાં મુખપૃષ્ઠ પર કે છેલ્લાં પાને બહારની બાજુ અકાદમીનું નામ કે લૉગો મૂકવા નહીં. તેમજ કોઈ પ્રકાશન સંસ્થાના પણ નામ કે લૉગો દર્શાવવા નહીં.

(૧૧) અકાદમી તરફથી મળેલી સહાય ગ્રાન્ટની રકમ કોઈપણ ખાનગી પ્રકાશકને અથવા સંસ્થાને તબદીલ કરી શકાશે નહીં. તથા તે અંગેની આર્થિક સહાય અન્યત્રથી મેળવી શકાશે નહીં.

(૧૨) સહાય ગ્રાન્ટ મંજૂર થયા પછી વધુમાં વધુ ૧(એક) વર્ષની અંદર પુસ્તક પ્રગટ કરવાનું રહેશે. તે માટે લેખકે જરૂરી બાંહેધરી આપવાની રહેશે.

(૧૩) પુસ્તક પ્રકાશનની કોઈ એક જ યોજનામાં લેખકે જે તે વર્ષમાં ૧ (એક) જ હસ્તપ્રત રજૂ કરવાની રહેશે.

(૧૪) જે લેખકને પુસ્તક પ્રકાશન આર્થિક સહાયની ગુજરાત સાહિત્ય અકાદમીની સંલગ્ન હિન્દી,સંસ્કૃત, કચ્છી, ઉર્દુ, અને સિંધી અકાદમીમાં કોઈપણ ચાર યોજનાઓ પૈકીની કોઈપણ યોજનામાં પાંચ વખત સહાય મળી ચૂકી હોય તેવા લેખકો હસ્તપ્રત રજૂ કરી શકશે નહીં.

(૧૫) આર્થિક સહાયથી છપાતા હોય તેવા પુસ્તકમાં કોઈપણ પ્રકારની જાહેરખબર લઈ શકાશે નહીં.

(૧૬) પુસ્તકની જોડણી સરકાર માન્ય સાર્થ ગુજરાતી જોડણી કોશ પ્રમાણે રાખવાની રહેશે.

(૧૭) જે તે લેખકે પુસ્તક પ્રકાશિત કરવાની આર્થિક સહાય મેળવવા ગુજરાત સાહિત્ય અકાદમીનું નિયત ફોર્મ ભરવાનું રહેશે. તેમજ અગાઉ કેટલાં પુસ્તકો માટે આર્થિક સહાય મેળવી છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૧૮) અકાદમી દ્વારા અગાઉ પુસ્તક પ્રકાશન માટે આપવામાં આવેલી આર્થિક સહાય જે તે પુસ્તકને જે તે વર્ષે મળી હોય તેનો ઉલ્લેખ ફોર્મમાં કરવાનો રહેશે. આ અંગે કોઈ માહિતી છુપાવવી નહીં. અન્યથા તે અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

(૧૯) લેખકે પોતાની તૈયાર કરેલી સંપૂર્ણ હસ્તપ્રત નિયત તારીખ સુધીમાં મહામાત્ર,ગુજરાત સાહિત્ય અકાદમીની કચેરીમાં યોગ્ય અધિકારીને રૂબરૂ અથવા રજિસ્ટર્ડ ટપાલથી મોકલી આપવાની રહેશે. હસ્તપ્રત ટાઈપ કરેલી અને બુક બાઈંડિંગ કરેલી અને પાના નંબર લખેલી હોવી જરૂરી છે,હસ્તપ્રતનાં છૂટાં પાના સ્વીકારવામાં આવશે નહીં.

(૨૦) હસ્તપ્રતના મુખપૃષ્ઠ પર લેખકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, સ્પષ્ટ રીતે દર્શાવવું જરૂરી છે. તેમજ નિયત નમૂનાનું ફોર્મ સંપૂર્ણ વિગતો ભરીને હસ્તપ્રતની સાથે સામેલ રાખવાનું રહેશે. રજૂ કરેલ હસ્તપ્રતમાં લેખક પોતે પણ નામ/શીર્ષક બદલી શકશે નહીં. હસ્તપ્રત મંજૂર થયા બાદ એમાં કોઈ સુધારો કે કોઈ ફેરફાર કરી શકાશે નહીં. આ અંગે કોઈ સુધારા કે ફેરફાર માટે અકાદમીની લેખિતમાં મંજૂરી મેળવવાની રહેશે.

(૨૧) આ યોજના અંતર્ગત મોકલવામાં આવેલ હસ્તપ્રત (પુસ્તક)ને પરામર્શન માટે મોકલવામાં આવ્યા બાદ પરામર્શકનાં જણાવ્યા મુજબ જો પુસ્તક પ્રકાશિત કરવાને યોગ્ય જણાશે તો જ આર્થિક સહાય માટે મંજૂર કરવામાં આવશે. પરામર્શકશ્રીના નિર્ણય મુજબ ઉચ્ચ સાહિત્યિક ગુણવત્તા ધરાવતી કૃતિઓ જ પસંદગીપાત્ર ગણવામાં આવશે. આ અંગે પરામર્શકશ્રીનો અને અકાદમીનોનિર્ણય આખરી રહેશે.

(૨૨) આ યોજના અંતર્ગત આર્થિક સહાય મંજૂર કે નામંજૂર કરવામાં આવશે તો તેની જાણ જે તે લેખકને પત્ર દ્વારા કરવામાં આવશે. આર્થિક સહાય માટેની પાત્રતા અથવા ગ્રાન્ટની રકમ અંગે વિધિસરનિર્ણયથઈ ગયા પછી એ બાબતે અકાદમી કોઈ પત્રવ્યવહારમાં ઉતરશે નહીં.

(૨૩) આ યોજના અંગેની પદ્ધતિ અને નીતિ–નિયમો મુજબ નિર્ણય કરવાની સત્તા ગુજરાત સાહિત્ય અકાદમીની પોતાની રહેશે.

***